<u>**સ્વચ્છતા અભિયાન ''ઓમ યોગ આયુર્વેદ પંચકર્મ સંસ્થાન'' અમદાવાદ-૩૦/૦૯/૨૦૧૮**</u>

મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મજયંતી ઉજવણીના ભાગરૂપે અમદાવાદ-ગાંધીનગર રીજન દ્વારા ''ઓમ યોગ આયુર્વેદ પંચકર્મ સંસ્થાન-અમદાવાદ'' કેન્દ્ર પર તા. ૩૦/૦૯/૨૦૧૮ ના રોજ સ્વચ્છતા અભિયાનનું આયોજન એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા કરવામાં આવેલ. સદર સ્વચ્છતા અભિયાનમાં યુનિવર્સિટીમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ ઉપરાંત કેન્દ્ર સંયોજકશ્રી ડૉ. વિક્રમ ઉપાધ્યાય, અમદાવાદ-ગાંધીનગર રીજન હેડ ડૉ. ચેતના શાહ, કન્સલ્ટન્ટશ્રી નેલ્સન ભલાણી પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અંગેના બેનરો દ્વારા ગલી, મહોલ્લા, રસ્તા, શહેર અને પુરા દેશને સ્વચ્છ રાખવાની હાંકલ કરી હતી. તેમજ વિદ્યાર્થી દ્વારા રસ્તાઓનું સફાઈ કામ કરવામાં આવેલ અને સ્વચ્છતાની રેલી યોજવામાં આવેલ.









